# પ્રજનન શાસ્ત્ર સંશોધન એકમ (આર.બી.આર.યુનિટ)
# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય,આણંદ

## સુરતી ભેંસ પાલકો માટે એક દિવસીય પશુપાલન તાલીમ કાર્યક્રમ, પ્રેરણા પ્રવાસ અને તંદુરસ્ત પાડી હરીફાઈ

અત્રે ના પ્રજનન શાસ્ત્ર સંશોધન એકમ (આર.બી.આર.યુનિટ) ખાતે પશુપાલન નિયામકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા પુરસ્કૃત ""સુરતી ભેંસ બ્રીડર્સ એસોસિએશન" યોજના"" અંતર્ગત ભેંસ પાલકો માટે નવેમ્બર-ડિસેમ્બર માસ (વર્ષ ૨૦૨૧) દરમ્યાન આઠ; એક દિવસીય પશુપાલન તાલીમ કાર્યક્રમોનું તથા આઠ પ્રેરણા પ્રવાસોનું આયોજન કરવામાં આવેલ. જે પૈકી મંગલપુરા, સાત ઓરડી, બાવરીચાર, છાછરીયાપુરા, બેવડપૂરા, કેવલનગર, ડુમરાલ તથા નાનાવગા ગામોના  કુલ. ૨૨૪ ભેંસ પાલકો ને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન/ ભેંસ પાલન માટે તાલીમ અને પ્રેરણા પ્રવાસ (પ્રત્યક્ષ તાલીમ) વડે માહિતગાર કરવામાં આવેલ. અગાઉ આ ગામોમાં તંદુરસ્ત પાડી હરિફાઇઓનું પણ આયોજન કરવામાં આવેલ.

તાલીમ કાર્યક્રમમાં ડો. એમ.એન બ્રહ્મભટ્ટ, આચાર્યશ્રી વેટરીનરી કોલેજ, આણંદ દ્વારા ઉદ્દઘાટન અને પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. આર.બી.આર.યુનિટ ના સંશોધન વૈજ્ઞાનિક અને વડા ડો. એન.પી.સરવૈયા દ્વારા સુરતી ભેંસોની પશુપાલનમાં અગત્યતા, તેની જાળવણી, વિકાસની જરૂરિયાત તથા સુરતી ભેંસ બ્રીડર્સ એસોસિએશન વિષે પશુપાલકોને માહિતી આપવામાં આવેલ. અલગ-અલગ વિષય નિષ્ણાતો જે પૈકી ડો. એન.પી.સરવૈયા, ડો.ડી.સી.પટેલ, ડો. એ.પી.પરમાર, ડો. એ.સી.પટેલ, ડો.કે.એન.વાઢવાની, ડો. આર.એસ.જોશી, ડો. આર. જે. મોદી વગેરે દ્વારા વખતોવખત ભેંસના ખોરાક, સંવર્ધન, વ્યવસ્થાપન અને આરોગ્ય ને લગતા વ્યાખ્યાનો આપવામાં આવેલ. ઉપરાંત પશુપાલકોને આર.બી.આર.યુનિટના સુરતી ભેંસના ફાર્મ ઉપર બચ્ચા ઉછેર તથા ભેંસ પાલનના વિવિધ પાસાઓ વિષે પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ સરદાર સ્મૃતિ કેન્દ્ર તથા યુનિવર્સિટી મ્યુઝીયમની મુલાકાત પણ કરાવવામાં આવેલ.

દરેક લાભાર્થી માટે સવારે ચા-નાસ્તાની અને બપોરે વાલ્મિ કેમ્પસ ખાતે ભોજનની તથા સાંજે ચા ની વ્યવસ્થા કરવામાં આવેલ. કીટ તરીકે ફોલ્ડર, પેન, પેડ, આઈ કાર્ડ, પ્રમાણપત્ર તથાં ૧ કી.ગ્રા. અમુલ મિનરલ મિક્ષરની બેગ નું વિતરણ કરવામાં આવેલ. આભાર વિધિ ડો. એન. પી. સરવૈયા દ્વારા કરવામાં આવેલ.






(વચ્ચે) ડો.એમ.એન બ્રહ્મભટ્ટ, પ્રિન્સિપાલ વેટરીનરી કોલેજ, આણંદ, (જમણે) ડો. એન.પી.સરવૈયા, સંશોધન વૈજ્ઞાનિક અને વડા આર.બી.આર.યુનિટ તથા લાભાર્થીઓ, (ડાબે) ડો.ડી.સી.પટેલ,પ્રાધ્યાપક અને વડા (એનિમલ સાયન્સ વિભાગ, બી.એ.સી.એ.,આણંદ.

પ્રેરણા પ્રવાસમાં ભાગ લેનાર લાભાર્થીઓને સુરાશામળ તથા વડતાલ ખાતે ભેંસોના તબેલા બતાવવામાં આવેલ. તદુપરાંત એલ.આર.એસ. ગૌશાળા, અમુલ ડેરી વી. ની મુલાકાત કરાવવામાં આવેલ. વૈજ્ઞાનિક રીતે પશુપાલનમાં ચાફ કટર, મિલ્કિંગ મશીન, પાણીની કુંડીઓ, પક્કા ગમાણ, એર વેન્ટિલેટર, ફુવારાં વી. નું નિદર્શન આપવામાં આવેલ. પશુ વાડાની સ્વચ્છતા તથા સ્વચ્છ દૂધ ઉત્પાદન અને આરોગ્યલક્ષી માહિતી (રસીકરણ ડિવાર્મિંગ વી.) તથા વેતર અને વિયાણ પંચાંગ ના ઉપયોગ વિષેની માહિતી પણ આપવામાં આવેલ.






ત્યાર બાદ ફેબ્રુઆરી -માર્ચ ૨૦૨૨ માસ દરમ્યાન અલિન્દ્રા, ગેદાલપુરા, મોહનપુરા, ડુમરાલ, ગંગાપુરા, પ્રતાપપુરા, ભાથીપુરા, મુંજકુવા વી, કુલ આઠ ગામો માં "તંદુરસ્ત પાડી હરીફાઈ" નું આયોજન કોવિડ-૧૯ ની ગાઇડ લાઇન મુજબ કરવામાં આવેલ. સરેરાશ દરેક ગામોમાં ૩૦-૩૫ પાડીઓ (કુલ ૨૩૮ પાડીઓ) અને તેના માલિકો ઉપસ્થિત રહેલ. દરેક ગામો માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ને રોકડ ઈનામ પેટે રૂ. ૩૦૦૦, ૨૦૦૦ અને ૧૦૦૦ ના ઇનામો તથા પ્રમાણપત્રો આપવામાં આવેલ. જજ તરીકે ત્રણ પ્રાધ્યાપકો પૈકી ડો. એસ.કે.રાવલ, ડો. ડી.સી.પટેલ, ડો. કે.એન.વાઢવાની, ડો. આર.એસ.જોશી, ડો. એ.સી.પટેલ તથા ડો.પી.એમ.લુનાગરીયા, ડો. બી.બી.ભંડેરી તથા ડો. જે.એચ.ચૌધરી એ વખતોવખત ભાગ લીધેલ. દરેક કાર્યક્રમોમાં ડો. એન. પી.સરવૈયા એ યોજના ના ઉદેશ, સુરતી ભેંસો ની જાળવણી અને વિકાસ વિષે ભેંસ પાલકો ને માહિતગાર કરેલ. તથા એસોસિએશન ના સભ્ય બનવા વિષે પ્રોત્સાહિત કરેલ. દરેક પ્રધ્યાપકોએ ભેંસ ના ખોરાક, સંવર્ધન, આરોગ્ય અને વ્યવસ્થાપાન વિષે પશુપાલકોને માહિતી આપેલ. દરેક લાભાર્થીઓને બેગ(થેલો), વાંચન સામગ્રી, પેન, પેડ, આઈ કાર્ડ, માસ્ક તથા અમુલ મિનરલ મિક્ષર ની ૧ કી.ગ્રા. નું કીટ વિતરણ કરેલ. તથા દરેક ઉપસ્થિત લોકો માટે ચા-નાસ્તા ની પણ વ્યવસ્થા કરવામાં આવેલ.





ડો.એન. પી. સરવૈયા, ડો. એસ.કે. રાવલ, ડો. ડો. ડી.સી. પટેલ, ડો. આર.એસ.જોશી, ડો. એ.સી.પટેલ તંદુરસ્ત પાડી હરીફાઇના વિજેતા પશુપાલકોને ઇનામ વિતરણ

આમ કુલ ૨૪ કાર્યક્રમો દ્વારા આશરે ૧૧૦૦ લાભાર્થીઓ ને આવરી લેવામાં આવ્યા. આ સઘળા કાર્યક્રમોને સફળ બનાવવા માટે શ્રી.આર.આઇ.વ્હોરા તથા શ્રીમતિ અવંતિકાબેન ક્રિસ્ટી તથા આર.બી.આર.યુનિટ સ્ટાફના દરેક સભ્યોએ સારી એવી જહેમત ઉઠાવેલ. દરેક કાર્યક્રમમાં કોવિડ-૧૯ ની ગાઇડલાઇનનું પાલન કરાવવામાં આવેલ.